## પીઠાદરામાં કૂવામાં પડેલા દીપડાના બચ્ચાને બચાવાયું



વ્યારાઃ ડોલવણના પીઠાદરા ગામે અકસ્માતે એક ખુલ્લા કૂવામાં પડેલા દીપડાના અંદાજિત 1 વર્ષના બચ્ચાને વન વિભાગની ટીમે રેસ્ક્યુ કરી બચાવ્યું હતું. મળતી માહિતી મુજબ ગત તા.16-7-2026ના રોજ રાત્રિ દરમિયાન નિકુંજભાઈ ગીરધરભાઈ ગામીતના ખેતરમાં આવેલ 35 ફૂટ ઊંડા કૂવામાં દીપડાનું બચ્ચું પડ્યું હતું.

જો કે, કૂવામાં પડેલું દીપડાનું બચ્ચું જીવ બચાવવા કૂવાની ફરતે દીવાલમાં પડેલા બાકોરામાં ફસાઈ ગયું હતું. જેને વન વિભાગની ટીમ દ્વારા રાત્રિ દરમિયાન મસાલના અજવાળે દોરી વડે કૂવામાં ખાટલો ઉતારી સાવચેતીપૂર્વક સફળ રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

# ખાડી ઉપર માલિકીહકનો દાવો!

**બારડોલીમાં** બિલ્ડરો-ખેડૂતોનાં આડેધડ દબાણો બાબતે રજૂઆત બાદ કલેક્ટરનો ડિમાર્કેશનનો આદેશ

બારડોલીઃ બારડોલી નગરપાલિકા વિસ્તારમાં વર્ષો જૂની કુદરતી ખાડીઓ અને કાંસ પર થયેલા આડેધડ દબાણોને કારણે સર્જાતી જળબંબાકારની સ્થિતિ અંગે ધારાસભ્ય ઈશ્વર પરમારે ઉગ્ર રજૂઆત કરી હતી. સુરત કલેક્ટર તેજસ પરમારના અધ્યક્ષ સ્થાને મળેલી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં કલેક્ટરે સરકારી અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ગેરકાયદે દબાણો સત્વરે દૂર કરવા અને ખાડીનું ડિમાર્કેશન કરવા સંબંધિત અધિકારીઓને કડક સૂચના આપી છે.

કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાયેલી આ બેઠકમાં બારડોલીના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારે ઉગ્ર રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વર્ષો જૂની ખાડીઓ કે કોતર જે-તે બ્લોક નંબરમાંથી પસાર થતી હોવાથી બિલ્ડરો અને ખેડૂતો તેના પર પોતાનો માલિકીહક જતાવી રહ્યા છે. આ તત્ત્વો કોઈપણ પ્રકારના માર્જીનના નિયમોનું પાલન કરતા નથી. આ સંજોગોમાં આ ખાડી ડ્રેનેજ વિભાગની છે કે ખાનગી વ્યક્તિઓની, તે નક્કી કરી નિયમોનુસાર કાયદેસરની કાર્યવાહી કરવી અનિવાર્ય છે. ધારાસભ્યએ તંત્રની ઢીલી નીતિ સામે નારાજગી વ્યક્ત કરતા ઉમેર્યું હતું કે, બારડોલીના એમ.એન. પાર્ક, ડી.એમ. નગર તેમજ ધામડોદ લુંભાની શિવશક્તિ સોસાયટીમાં છેલ્લાં ચાર વર્ષથી ચોમાસામાં વરસાદી પાણી ભરાવાની વિકટ સમસ્યા સર્જાય છે. ખાડી અને કાંસ પર થયેલા દબાણો બાબતે બે વર્ષથી રજૂઆતો થતી હતી. કલેક્ટર તેજસ પરમારે સમસ્યાનો સત્વરે ઉકેલ લાવવા અધિકારીઓને તાકીદ કરી હતી.

### ગુજરાત ગેસ કંપની પાસે PNG કનેક્શનની વિગતો મંગાઈ

આ બેઠકમાં ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારે બારડોલી વિધાનસભા વિસ્તારમાં ગુજરાત ગેસ કંપની દ્વારા આપવામાં આવેલા પીએનજી (PNG) ગેસ કનેક્શનો અને તે માટે ગ્રાહકો પાસેથી લેવામાં આવેલી ફી ની વિગતો લેખિતમાં માંગી હતી. કલેક્ટરે આ બાબતની તમામ વિગતો તાત્કાલિક પૂરી પાડવા માટે ગુજરાત ગેસના ઉપસ્થિત અધિકારીઓને આદેશ કર્યો હતો. બેઠકના અંતે કલેક્ટરે તમામ અધિકારીઓને સરકારે સોંપેલી જવાબદારી નિષ્ઠા અને પ્રામાણિકતાથી નિભાવવા અનુરોધ કર્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### તાપી જિલ્લાને ૫ એમ્બ્યુલન્સ સેવાની ભેટ, ગ્રામીણ દર્દીઓને રાહત થશે



વ્યારાઃ તાપી જિલ્લા વિકાસ અધિકારી રામનિવાસ બુગાલિયાની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત પ્રમુખ ચંચળબેન ચૌધરીએ જિલ્લા પંચાયત તાપીના ૧૫મા નાણાપંચ હેઠળ ૧ અને આયોજન મંડળની ગ્રાન્ટમાંથી ૪ એમ કુલ અંદાજિત ૩.૮૦ લાખના ખર્ચે નવી ૫ એમ્બ્યુલન્સને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. નવી એમ્બ્યુલન્સ મળતાં તાપી જિલ્લાના છેવાડાના ગ્રામીણ વિસ્તારના દર્દીઓ, સગર્ભા માતાઓ અને નવજાત બાળકોને કટોકટીની સ્થિતિમાં સમયસર હોસ્પિટલ પહોંચાડવા માટે ઉપયોગી સાબિત થશે. આ લોકાર્પણ કાર્યક્રમમાં જિલ્લા આરોગ્ય વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ સહિત જિલ્લા પંચાયતના સભ્યો, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ખોલવડ કોલેજમાં આનંદ મેળાનું આયોજન


વિશાલ પટેલ

કામરેજઃ કામરેજ ચાર રસ્તા ખાતે આવેલી ભારતીય વિદ્યામંડળ સંચાલિત આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સ ખોલવડ કોલેજમાં વિદ્યાર્થીઓ માટે આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. પુસ્તકો, લેક્ચર્સ અને અસાઇનમેન્ટની વ્યસ્તતા વચ્ચે વિદ્યાર્થીઓને આનંદ અને મનોરંજનની તક મળે તે હેતુથી આ ફનફેર યોજાયો હતો. મેળામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ વાનગીઓના સ્ટોલ ઊભા કર્યા હતા, જેને વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને મુલાકાતીઓ તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો.

### રાજ્યના આરોગ્ય મંત્રી ઓરણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાતે


વિશાલ પટેલ

કામરેજઃ કામરેજ તાલુકાના ઓરણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની રાજ્યના આરોગ્ય મંત્રી તથા કામરેજના ધારાસભ્યએ અચાનક મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન તેમણે આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓને આપવામાં આવતી સારવાર, દવાઓની ઉપલબ્ધતા, વિવિધ સેવાઓ તેમજ સ્વચ્છતાની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. કામગીરીથી સંતોષ વ્યક્ત કરતાં આરોગ્ય કેન્દ્રના ડોક્ટરો અને સ્ટાફનું સન્માન કરી તેમની કામગીરીને બિરદાવી હતી. આ પ્રસંગે આરોગ્ય સેવાઓ વધુ અસરકારક અને ગુણવત્તાયુક્ત બને તે માટે જરૂરી સૂચનો પણ આપવામાં આવ્યાં હતાં.

### ઓલપાડ કાંઠાની કુદિયાણા આશ્રમશાળામાં નોટબુકનું વિતરણ



સાયણઃ ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના કુદિયાણા ગામે કાર્યરત ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના વિદ્યાર્થીઓને માં ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઓલપાડ પોલીસ મથકના પીઆઇ સી.આર.જાદવ, ભારતી રાઠોડ, હસુમતી જાદવ, બિંદુબેન જાદવ, શાળાના આચાર્ય અલ્પેશ વાઘેરા, શિક્ષિકા અમીના રાઠવા, જિજ્ઞાશા રાવળ, સંકેત ટંડેલ તેમજ સામાજિક કાર્યકર રજનીભાઈ સહિત અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા.

### પલસાણાની લિંગડ પ્રાથમિક શાળામાં લોકશાહી ઢબે વિદ્યાર્થી ચૂંટણી યોજાઈ


ઈલ્યાસ શેખ

પલસાણાઃ લિંગડ પ્રાથમિક શાળામાં તા.17-07-2026, શુક્રવારના રોજ ધો.6થી 8ના વિદ્યાર્થીઓ માટે લોકશાહી પદ્ધતિથી વિદ્યાર્થી ચૂંટણીનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સમાજવિદ્યાનાં શિક્ષિકા સુશીલાબેનના માર્ગદર્શન અને આયોજન હેઠળ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ અને વ્યવસ્થિત રીતે સંપન્ન થઈ હતી. ચૂંટણી દરમિયાન મતદાનની સંપૂર્ણ પ્રક્રિયા લોકશાહી સિદ્ધાંતોને અનુરૂપ પારદર્શક રીતે હાથ ધરવામાં આવી હતી. ચૂંટણી અધિકારીઓ તરીકે શાળાની શિક્ષિકા બહેનોએ જવાબદારી નિભાવી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહી પ્રત્યે જાગૃતિ અને જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. શાળાના આચાર્ય રાજેશભાઈ સોલંકીએ વિજેતા વિદ્યાર્થીઓને વિવિધ જવાબદારીઓ સોંપી ખાતાકીય વહેંચણી કરી હતી તેમજ વિદ્યાર્થીઓને નિષ્ઠાપૂર્વક પોતાની ફરજો નિભાવવાની પ્રેરણા આપી હતી.

## લોભ-લાલચથી ક્રિશ્ચિયન બનેલા પરિવારો સનાતન ધર્મમાં પરત ફર્યા

**ડાંગ** જિલ્લાના ૧૧ આદિવાસીની સનાતન ધર્મમાં ‘ઘરવાપસી’

**માંગરોળના** જલેબી હનુમાન મંદિરે કાર્યક્રમ


વિનોદ મૈસુરીયા

વાંકલઃ ડાંગના સુબીરના બિલબારી સહિતનાં જુદાં-જુદાં ગામોનાં બાળકો, યુવાનો અને મહિલાઓ સહિત ૧૧ આદિવાસીઓ ખ્રિસ્તી ધર્મ છોડીને ફરી પોતાના મૂળ સનાતન ધર્મમાં પરત ફર્યા છે.

માંગરોળના જલેબી હનુમાન મંદિર ખાતે શનિવારે પવિત્ર માહોલમાં વિધિ-વિધાન સાથે આ તમામની ધર્મ વાપસી કરાવવામાં આવી હતી. મળતી માહિતી મુજબ ટ્રાયબલ વિસ્તારોમાં મિશનરીઓ દ્વારા ગરીબ આદિવાસીઓને શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને ગંભીર બીમારીઓ દૂર કરવાના બહાને લોભ-લાલચ આપી ધર્માંતરણ કરાવવામાં આવતું હોય છે. આવા જ એક કિસ્સામાં બિલબારી ગામના ગંગારામભાઈનાં બહેન બીમાર હોવાથી પાદરીઓએ સાજા કરવાની લાલચ આપતાં તેઓ પરિવાર સાથે ખ્રિસ્તી બન્યા હતા. જો કે, બે વર્ષ સુધી રહ્યા છતાં શારીરિક કે આર્થિક સ્થિતિમાં કોઈ સુધારો ન થતાં, આખરે કંટાળીને આ પરિવારોએ હિન્દુ આગેવાન અરવિંદભાઈનો સંપર્ક કર્યો હતો. જલેબી હનુમાન મંદિરના ગર્ભગૃહમાં બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ કરી તમામ ૧૧ લોકોને હિન્દુ ધર્મમાં આવકારવામાં આવ્યા હતા અને ગળામાં સનાતન ધર્મનો ખેસ તથા હનુમાનજીનું લોકેટ પહેરાવવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ ૪૪ આદિવાસીની સફળ ઘરવાપસી થઈ ચૂકી છે.

## બારડોલીના રામજી મંદિર પાસે ફરી પાણીની લાઈન ફાટતાં જળબંબોળ

**રિપેરિંગ** કર્યા બાદ રાત્રે ફરી લાઇનમાં ભંગાણ, પાણીના ઊંચા ફુવારા ઊડ્યા



બારડોલીઃ બારડોલી નગરપાલિકાની ગંભીર બેદરકારી ફરી એકવાર સપાટી પર આવી છે. શહેરમાં રામજી મંદિર પાસે આવેલા નગરપાલિકાના વોટર વર્ક્સ કમ્પાઉન્ડમાં મુખ્ય પાણી પુરવઠાની ઓવરહેડ ટાંકીની મેઈન સપ્લાય લાઈનમાં મોટું ભંગાણ સર્જાતા સમગ્ર વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. નવાઈની વાત એ છે કે, આ જ પાઈપલાઈનમાં ગતરોજ ભંગાણ પડ્યા બાદ પાલિકા તંત્ર દ્વારા સવારે જ તેનું રિપેરિંગ કામ કરવામાં આવ્યું હતું. પરંતુ આ કામગીરી એટલી હલકી કક્ષાની નીવડી કે માત્ર થોડા જ કલાકોમાં, રાત્રિના સમયે એ જ સ્થળે ફરીથી લાઈન ફાટી ગઈ હતી.

મુખ્ય લાઈન ફાટવાને કારણે જમીનમાંથી ઝરણાની જેમ પાણીના ઊંચા ફુવારા ઉડ્યા હતા, જેને જોવા માટે સ્થાનિક લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. વગર વરસાદે મુખ્ય માર્ગો પર નદીઓ વહેતી થઈ ગઈ હતી અને પાણીના તીવ્ર પ્રવાહને કારણે નજીકમાં આવેલા ફાયર સ્ટેશનની અંદર પણ પાણી ઘૂસી ગયા હતા. એક જ દિવસમાં બીજી વાર સર્જાયેલી આ દુર્ઘટનાને પગલે પાલિકાની કામગીરીની ગુણવત્તા સામે અનેક આકરા સવાલો ઊભા થયા છે. વારંવાર લાઈન ફાટવાના કારણે હજારો લિટર પાણીનો બગાડ થઈ રહ્યો છે અને સ્થાનિકોમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે.



## તાપી જિલ્લા વિકાસ અધિકારી વાલોડ વિસ્તારની મુલાકાતે

વાલોડઃ તાપી જિલ્લા વિકાસ અધિકારી રામનિવાસ બુગાલિયાએ વાલોડ વિસ્તારની મુલાકાત લીધી હતી. સૌપ્રથમ તેઓ વાલોડ ગ્રામ પંચાયત કચેરી ખાતે પહોંચી સરપંચ વિજયાબેન નાઈક અને તલાટી સાથે ગામના વિકાસ અંગે ચર્ચા કરી હતી. બાદ નવા ફળિયા ખાતે આવેલા તળાવની મુલાકાત લઈ તેઓ લાઈબ્રેરી તેમજ પમ્પિંગ સ્ટેશનની મુલાકાત લઈ તેઓ વાલોડના સુપ્રસિદ્ધ ગણેશ મંદિરના દર્શન કર્યાં હતાં. બાદ અધિકારીઓ સાથે બેઠક કરી નાણાંપંચની ગ્રાન્ટ તેમજ વિવિધ વિકાસનાં કામો ઝડપથી પૂર્ણ કરવા અંગે જણાવ્યું હતું.

## વાલોડમાં લાઈનમાં ભંગાણ પડતાં હજારો લીટર પાણીનો વેડફાટ

**લાઇનની** કામગીરીમાં નકરી વેઠ ઉતારાઈ, લોકોમાં રોષ

વાલોડઃ વાલોડ વોટર વર્કસની મુખ્ય લાઈનમાં ભંગાણ પડતાં હજારો લીટર પાણીનો વેડફાટ જોવા મળી રહ્યો છે. કરોડોના ખર્ચે નવી લાઈન બનાવવાની કામગીરીમાં કોન્ટ્રાક્ટર દ્વારા નકરી વેઠ ઉતારવામાં આવતાં આ સમસ્યા ઊભી થતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ વાલોડની પ્રજાજનો પાણી માટે ભારે હાલાકીનો સામનો કરી રહી હતી. ત્યારે વાલોડ વોટર વર્કસથી નવી લાઈન તેમજ સંપ ને ટાંકી બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. લાઈન બનાવવા માટે આશરે 7 કરોડ જેટલી રકમ ફાળવવામાં આવી હતી અને કોન્ટ્રાક્ટ સિસ્ટમના આધારે એજન્સીને કામ સોંપવામાં આવ્યું હતું. જો કે, સમય અવધિ પૂર્ણ થવા છતાં કામ પૂર્ણ કરવામાં આવ્યું નથી અને પાણીની લાઈનનું કામ પણ અધૂરું હોય ત્યારે આ પાઈપ લાઈનની કામગીરીમાં કોન્ટ્રાક્ટર દ્વારા હલકી કક્ષાના પાઈપ નાંખવામાં આવતાં પાઈપ ફાટી જતાં હજારો લીટર પાણીનો વેડફાટ જોવા મળી રહ્યો છે. જેના કારણે જે વિસ્તારમાં પાણી આવે છે તે પણ દૂષિત છે. જેથી વાલોડના લોકો દૂષિત પાણીનો ઉપયોગ કરવા મજબુર બન્યા છે. આ અંગે પાણી પુરવઠા વિભાગને જાણ કરતાં અધિકારીઓ મોટા ઉપાડે સ્થળ ઉપર તો આવી પહોંચ્યા હતા અને જવાબદાર કોન્ટ્રાક્ટરને લાવી કામ કરાવવા આશ્વાસન આપી જતા રહ્યા હતા.



## માંડવી નજીક બે બાઈક અથડાતાં એક યુવક ઘાયલ

માંડવીઃ માંડવી-તરસાડા રોડ પર તાપી નદીના નવા પુલ નજીક અકસ્માત સર્જાયો છે. કુકડઝરના યાકુબભાઈ વસાવા અને તેમનો ભત્રીજો સ્નેહલ યામાહા FZ બાઈક નં.(GJ-19-BN-3950) પર જઈ રહ્યા હતા, ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી પેશન બાઈક નં.(GJ-19-AB-9402)ના ચાલક અશ્વિનભાઈ ચૌધરીએ તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં સ્નેહલભાઈ રોડ પર પટકાતાં તેમને માથા અને મોંના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે માંડવી અને ત્યારબાદ વધુ સારવાર માટે બારડોલીની હોસ્પિટલમાં ખસેડાયા છે. અકસ્માતમાં સામે પક્ષના ચાલકને પણ ઈજા થઈ છે.

## કર્ણાટકથી 61 લાખનો દારૂ ભરેલી ટ્રક સુરત સુધી પહોંચી ગઈ!

**અમલસાડી** પાસેથી પોલીસે 61 લાખના દારૂ સાથે ચાલકની ધરપકડ કરી, 81.32 લાખના મતા કબજે, બે વોન્ટેડ



ઈલ્યાસ શેખ

પલસાણાઃ સુરત જિલ્લા એલસીબી અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે પલસાણાના અમલસાડી ગામની હદમાં મુંબઈ-દિલ્હી નેશનલ એક્સપ્રેસ વે નંબર-૪ પરથી દારૂ ભરેલી ટ્રક ઝડપી પાડી હતી.

પોલીસને બાતમી મળી હતી કે ટાટા ટ્રક નંબર RJ-50-GA-3171 નો ચાલક ગોવા તરફથી વિદેશી દારૂનો જથ્થો ભરીને વાપી તેમજ નવા ખારેલ થઈને એક્સપ્રેસ હાઈવે પરથી વડોદરા તરફ જનાર છે. જેના આધારે વોચ ગોઠવી ટ્રકને ઝડપી પાડી તપાસ કરતાં અંદરથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટ્રકમાંથી રૂ.૬૧,૨૦,૦૦૦ ની કિંમતની કુલ ૪૦,૮૦૦ નંગ વિદેશી દારૂ અને બિયર ટીનની બાટલીઓ, રૂ.૨૦,૦૦,૦૦૦ ની કિંમતની ટાટા ટ્રક, રૂ.૧૦,૦૦૦ ની કિંમતના બે મોબાઈલ ફોન અને રૂ.૨,૧૫૦ની રોકડ રકમ મળીને કુલ રૂ.૮૧,૩૨,૧૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી ટ્રકના ચાલક રમેશભાઈ ઘેવરરામ બિશ્નોઈ (ઉં.વ.૪૦, રહે., કાકાણી જંબેસરનગર, તા.લુણી, જિ. જોધપુર, રાજસ્થાન)ની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીની સઘન પૂછપરછમાં સામે આવ્યું છે કે વિદેશી દારૂનો આ જથ્થો કર્ણાટક રાજ્યમાંથી ભરાવીને વડોદરા સુધી લઈ જવાનો હતો. આ ગુનામાં દારૂનો જથ્થો ટ્રકમાં ભરી આપનાર મુખ્ય સૂત્રધાર ધર્મારામ બિશ્નોઈ (રહે., સાચોર, રાજસ્થાન) તેમજ કર્ણાટકના હુબલીથી ટ્રક પહોંચાડનાર અન્ય એક ચાલકને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પોલીસે પકડાયેલા તેમજ ફરાર આરોપીઓ વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધીને આગળની તપાસ તેજ કરી છે.

## વરેલીની પાયલ મિલથી ૧૯ વર્ષીય યુવતી ભેદી સંજોગોમાં ગુમ

પલસાણા : મૂળ ઉત્તર પ્રદેશના ભદોહી જિલ્લાના બઢિયાની ગામના વતની અને હાલ પલસાણાના વરેલી ગામ સ્થિત પટેલ નગર, બોળા ગોદામ પાસે રામપુરીના બિલ્ડિંગમાં રૂમ નંબર ૩૭માં રહેતા ઈન્દ્રાદેવી કલ્લુપ્રસાદ બિંદ મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમની ૧૯ વર્ષીય દીકરી બંદના પણ મજૂરી કામ કરે છે. ગત તા. 15મીએ સવારે ૯:૧૦થી સાંજના ૫ વાગ્યાના અરસામાં બંદના વરેલી ગામ ખાતે આવેલી પાયલ મિલથી ‘હું રૂમ પર જાઉં છું’ તેમ કહીને નીકળી હતી. તે મોડે સુધી ઘરે ન પહોંચતા અને પરિવારજનો દ્વારા શોધખોળ કરવા છતાં તેનો કોઈ પતો લાગ્યો ન હતો. આખરે માતા ઈન્દ્રાદેવીએ કડોદરા જીઆઈડીસી પોલીસ મથકે દીકરી ગુમ થઈ હોવાની જાહેરાત કરી હતી,



## કટાસવાણ પાસે નવી બાઈક ભરીને જતો ટેમ્પો પલટ્યો

વ્યારાઃ વ્યારાથી ઘાટા તરફ જતાં રોડ પર કટાસવાણ પાસે નવી મોટરસાઈકલ ભરીને જતો ટેમ્પો પલટી ખાઈ જતાં ટેમ્પો શિર્ષાસનની મુદ્રામાં જોવા મળ્યો હતો. મળતી માહિતી મુજબ હીરો હોન્ડાની નવી મોટરસાઈકલ ભરીને જતો ટેમ્પો નં.(GJ 21 W 7629) વ્યારાથી ઘાટા તરફ જતાં રોડ ઉપર કટાસવાણની સીમમાંથી પસાર થતી વેળાએ ટેમ્પો ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં ટેમ્પો શેરડીના ખેતરમાં પલટી ખાઈ ગયો હતો.

જેને કારણે નવી મોટરસાઈકલોને નુકસાન થયું હતું તેમજ ટેમ્પો ચાલકને સામાન્ય ઈજા થઈ હતી.

## કડોદરા ચાર રસ્તા પાસેથી બીમાર હાલતમાં મળેલા યુવકનું મોત

પલસાણા : કડોદરા ચાર રસ્તા પાસેથી ૩૫ વર્ષીય યુવક ગંભીર બીમાર હાલતમાં મળી આવ્યો હતો. આ અંગે જાણ થતાં યુવકને વધુ સારવાર અર્થે સુરતની સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. જ્યાં ચાલુ સારવાર દરમિયાન ફરજ પરના તબીબ ડો. રાકેશે આ યુવકને તપાસી મૃત જાહેર કર્યો હતો.


Milano
MULTIPLEX
બારડોલી
Dhamal 4
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
The Odyssey
11:00am, 02:15pm, 05:30pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333